# ગાંધીનગરમાં મોસમની વિક્રમી ગરમી

## તાપમાન ૪૨.૮ ડીગ્રી જનજીવન પ્રભાવિત : બપોરના સમયે આકાશમાંથી આગ વરસી કાતિલ ગરમીની અસરથી સેક્ટરોમાં સન્નાટો : હજુ પણ પાંચ દિવસ ગરમીનો પારો ઉંચકાય તેવી સંભાવના : શ્રમિકો અને અબોલ પક્ષીઓ પણ ગરમીથી પરેશાન

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આખરે ઉનાળાની ગરમી વિકરાળ બની છે. છેલ્લા બે મહીનાથી વાતાવરણ પલ્ટાના સતત મારથી હાંસિયામાં ધકેલાયેલી ગરમીની મોસમ હવે નિખરી છે. ઓરેન્જ એલર્ટ વચ્ચે આજે ગરમીનો પારો ૪૨. ૮ ડીગ્રીએ પહોંચતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. સવારથી જ આકરી ગરમીની અસર વર્તાઈ હતી. જયારે બપોર થતા આકાશમાંથી આગ વરસતા અંગ દઝાડતી ગરમીથી જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. કાતિલ ગરમીનુ મોજુ ફરી વળતા નગરના જનજીવન પર તેની અસર વર્તાઈ હતી. બપોરના સમયે નગરજનોએ ઘરની બહાર જવુ ટાળ્યુ હતુ જયારે વાહનચાલકો માથે ટોપી અને મોં પર રૂમાલ બાંધીને જતા નજરે પડયા હતા. ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા લું થી બચવા માટે નગરજનોને બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા ઉપરાંત પ્રવાહીનુ સેવન વિશેષ કરવા માટે પણ તબીબોએ સલાહ આપી છે.

ગાંધીનગરમાં છેલ્લા માર્ચ મહીનાથી વાતાવરણમાં સતત પલ્ટો જોવા મળે છે આકરી ગરમીની મોસમમાં પણ વારંવાર આભમાં અષાઢી નઝારો નિખરતા વિચિત્ર મોસમની અસરથી નગરજનો પણ બેચેની અનુભવી રહ્યા હતા. જયારે અત્યાર સુધી મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીની અંદર જ રહેતુ હતુ. જો કે છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ધીમે ધીમે ઉપર આવતા નગરજનો ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા. ગઈકાલે પણ મહત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં ગરમીએ હદ વટાવતા આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. ઘરની બહાર નિકળો એટલે ચામડીના દાહ અનુભવાય તેવી કાતિલ ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીનુ પ્રમાણ ધીમે ધીમે વધતા આજે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. હવામાન વિભાગે પણ રાજયમાં હજુ પાંચ દિવસ ગરમીનો કહેર વધતો રહેશે તેમ જણાવ્યુ છે. ત્યારે ગરમીથી બચવા માટે નગરજનોને બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા માટે પણ જણાવાયુ છે.

### ગરમીથી બચવા માટે આટલી કાળજી રાખો

- પાણી, છાશ સહીત અન્ય પ્રવાહીનુ વધુ સેવન કરવુ
- હળવા સુતરાઉ કપડા પહેરવા, લાંબો સમય તડકામાં ન રહેવુ
- ઠંડા સ્થળોએ આરામ કરવો
- નાના બાળકો, વૃધ્ધો અને સગર્ભા મહીલાઓનુ ધ્યાન રાખવુ

### ગરમીના લીધે લું લાગવાના લક્ષણો

- પરસેવો થવો અને અશકિત લાગવી
- અળાઈ નિકળવી માથાનો દુખાવો થવો ચક્કર આવવા
- ચામડી લાલ, સુકી અને ગરમ થવી
- અશકિત અને સ્નાયુઓમાં દુખાવો થવો, ઉબકા ઉલટી થવી

ઉપરોકત લશ્રણો માલુમ થાય તો તબીબી સલાહ લેવી અનિવાર્ય છે

# ડમ્પીંગ સાઈટ પર બે દિવસ આગની ઘટના બનતાં સિક્યોરીટી પોઈન્ટ ઉભો કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મનપાની ડમ્પીંગ સાઈટ પર છેલ્લા બે દિવસથી આગની બની રહેલ ઘટનાઓને મનપાના તંત્રએ ગંભીરતાથી લીધી છે અને ડમ્પીંગ સાઈટ પર હવે સિક્યોરીટી પોઈંટ ઉભો કરવાની સક્રિય વિચારણા હાથ ધરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગઈકાલે અને આજે બપોરના સમયે ડમ્પીંગ સાઈટ પર આગ લાગવાની ઘટનાઓ નોંધાઈ છે. જો કે આ ઘટનાઓ મોટી નહોતી અને ગણત્રીની મિનિટોમાં જ તે કાબુમાં લઈ લેવામાં આવી હતી.

સતત બે દિવસ સુધી બનેલી આ ઘટનાઓ બાદ હવે મનપા તંત્ર દ્વારા ડમ્પીંગ સાઈટ નજીક સિક્યોરીટી પોઈંટ ઉભો કરવાની વિચારણા ચાલી રહી છે અને એકાદ-બે દિવસમાં જ આખરી નિર્ણય લેવાઈ જશે તેવા સંકેતો મળી રહ્યા છે.

ડમ્પીંગ સાઈટ પર આગ ગરમીના વધતા પ્રકોપને કારણે લાગતી હોવાની વાતો પણ વહેતી થઈ છે. આ બન્ને આગની ઘટનાઓની જાણ લોકો દ્વારા તંત્રને થઈ છે. લોકોમાં આને લઈ ભયની લાગણી ઉભી થઈ છે તેથી તંત્રએ સિક્યોરીટી પોઈંટ તાત્કાલિક અસરથી ઉભો કરવાની વિચારણા હાથ ધરી છે.

# સે. ૬-૭ અને સે. ૭-૮ વચ્ચે અન્ડરપાસ બનાવવાની રજૂઆત

## ભાજપના સિનિયર કાઉન્સિલર મહેન્દ્ર દાસ દ્વારા મેયર સમક્ષ કરાયેલી રજૂઆત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં વધતા જતા ટ્રાફિક ભારણને લઈ ઘ-રોડ અને ચ-રોડ પર બે નવા અન્ડરપાસ બનાવવાની માંગ ભાજપના સિનીયર કાઉન્સીલર મહેન્દ્રભાઈ(દાસ) પટેલ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગરના મેયર હિતેષ મકવાણાને સંબોધીને લખેલા પત્રમાં દાસે જણાવ્યુ છે કે શહેરની હદ વધતાં તેમજ વસ્તીના ભારણને ધ્યાને લઈએ તો વાહનોની સંખ્યા સતત વધી રહી છે. શહેરમાં હાલ જે વાહનો છે અને રાજયનું પાટનગર હોવાથી પણ અહિ ટ્રાફિકનું ભારણ વધી રહ્યુ છે.

રાજયમાં ગાંધીનગર ઝડપથી વિકાસ પામી રહેલ છે ત્યારે સે. ૬ અને ૭ વચ્ચે તેમજ સે. ૭ અને ૮ વચ્ચે બે અન્ડરપાસ બનાવવામાં આવે તેવી રજૂઆત મને મળી છે તેમજ આ સેક્ટરોમાં જે વાહનોનો ટ્રાફિક છે તેને ધ્યાને લઈ આ દિશામાં મનપા ઝડપથી આગળ વધે તેવી રજુઆત છે.

ગાંધીનગર શહેરમાં કલેક્ટર ઓફિસ પાસે એક અન્ડરપાસ સ્વર્ણીમ પાર્કને સળંગ બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. સે. ૨૨ અને ૨૧ તેમજ સે. ૨૩ અને ૨૨ વચ્ચે અન્ડરપાસ બનાવવા માટેના ટેન્ડર થયા હતા પરંતુ તે યોજના અમલી બને તે પૂર્વે જ તેનુ બાળમરણ થયુ છે.

શહેરમાં હવે આ નવા સેક્ટરોમાં બે અન્ડર પાસ બનાવવાની રજૂઆત મહેન્દ્રભાઈ(દાસ) પટેલ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવની વાત વર્ષ ૨૦૧૪ પછી સતત વધી રહી છે. સેક્ટરોના આંતરિક માર્ગો પહોળા કરાયા પછી જે ટ્રાફિક ભારણ છે ત્યારે હવે તંત્ર દ્વારા શુ પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# લેન્ડ ગ્રેબીંગ એક્ટ કમિટીની બેઠકમાં બે કેસમાં પોલીસ ફરિયાદનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે મળેલ જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની બેઠકમાં બે કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં આજે ૨૪ જેટલા કેસ રજુ થયા હતા જે પૈકી પાંચ કેસમાં તપાસ સઘન રીતે કરવી જરૂરી જણાતાં પેન્ડીંગ રાખવામાં આવેલ છે જ્યારે બાકીના કેસો દફતરે કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગને લઈ સતત ફરિયાદો મળી રહી છે. આ ફરિયાદોના ઝડપી નિકાલ માટે દર પખવાડિયે કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક યોજવામાં આવી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫૦ થી વધુ ફરિયાદો લેન્ડ ગ્રેબીંગને તંત્રને મળી છે.

આજે આ બેઠક પછી સીટની પણ બેઠક મળી હતી જેમાં ૧૯ જેટલા કેસ દફતરે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# કર્મયોગી ભવનમાં ફાયર સિસ્ટમ ઓપરેટ કરવા ખાનગી પેઢીને જવાબદારી સોંપાશે

## ભવનની સફાઈ માટે પણ આયોજન સાથે સહયોગ સંકુલને અનુલક્ષીને ક્લીનિંગ સર્વિસનો કોન્ટ્રાક્ટ અપાશે

ગાંધીનગર તા ૯

કર્મયોગી ભવનમાં ફાયર સિસ્ટમની જાળવણી અને ફાયર સિસ્ટમને કાર્યરત રાખવા માટે સ્કીલ્ડ ઓપરેટર સહિતની જવાબદારી ખાનગી એજન્સીને સોંપવાનો નિર્ણય લેવાયો છે જેની પાછળ ૪૪ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે . જયારે કર્મ યોગી ભવનમાં સ્વછતા જળવાય તે માટે પણ તોતિંગ ખર્ચ નું આયોજન કરવામાં આવ્યું છે

સેકટર ૧૦માં સ્થિત કર્મયોગી ભવનમાં રાજ્ય કક્ષાની અનેકવિધ વિભાગની વહીવટી કચેરીઓ કાર્યરત છે. જેને અનુલક્ષીને આ સંકુલમાં આગ અકસ્માતના સંજોગોમાં બચાવ કામગીરી માટે ફાયર ફાઈટિંગ સિસ્ટમની પણ વ્યવસ્થા છે જેની જાળવણી માટે નું કામ ખાનગી પેઢીને સોંપવાનો નિર્ણય લેવાયો છે જયારે ખાનગી પેઢી પાસેથી જ ફાયર સિસ્ટમના ઉપયોગ માટે નિષ્ણાત ઓપરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવશે ગૌણ સેવા પસંદગી બોર્ડની કચેરીમાં આગ લાગી તેના પહેલાં જ લેવાઈ ગયો હતો જયારે આ મામલે જરૂરી પ્રક્રિયા પણ સપ્તાહ પુર્વે જ શરૂ કરી દેવામાં આવી હતી સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કર્મયોગી ભવનમાં મીકેનાઈઝ્ડ ક્લીનીંગ સર્વિસ એટલે કે મશીન દ્વારા સફાઈની કામગીરી કરવા માટે પણ ખાનગી પેઢીને કામ સોંપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કામગીરી માટે અંદાજિત રૂપિયા ૩ કરોડ નો ખર્ચ થશે

કર્મયોગી ભવન ની સાથે નગરના મુખ્ય ઘ માર્ગ પર સ્થિત સહયોગ સંકુલમાં પણ સ્વચ્છતા જળવાય રહી તે માટે ક્લીનીંગ સર્વિસનો કોન્ટ્રાકટ ખાનગી એજંસીને સોંપી દેવાનો નિર્ણય કરાયો છે . જયારે આ માટે રૂપિયા ૮૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે સહયોગ સંકુલમાં જિલ્લા કક્ષાની અનેકવિધ કચેરીઓ કાર્યરત છે ત્યારે આ બિલ્ડિંગમાં આવતા મુલાકાતિઓની સંખ્યા પણ વધુ હોય છે આવા સંજોગોમાં સ્વછતા જળવાય તે અત્યંત અનિવાર્ય છે.

# ડેન્ગ્યુ દિવસને લઈ મેડીકલ કૉલેજ હોલમાં વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૯

એનએચએમ ભવન હોલ- સિવિલ હોસ્પિટલ કેમ્પસ ગાંધીનગર ખાતે આજ રોજ તા ૯ના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' ૧૬મે અન્વયે જિલ્લા કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લાના તમામ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર તેમજ મેડિકલ ઓફિસર તથા તાલુકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝરનો વર્કશોપ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ. જે વૈષ્ણવ ની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો. જેમાં જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. વિક્રમસિંહ સોલંકી દ્વારા ચાલુ વર્ષના રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અંતર્ગત નક્કી કરવામાં આવેલ થીમ 'ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ' વિશે માહિતગાર કરી ડેન્ગ્યુ રોગ અટકાયત તેમજ નિયંત્રણ બાબતે રોગ અટકાયતી પગલાંઓના અસરકારક અમલીકરણ બાબતે ઝીણવટભરી વિસ્તૃત માહિતી આપી સેન્સીટાઈઝ કરવામાં આવ્યા.

ગામ/શહેરની હાઈસ્ક સાઈટની મુલાકાત લઈ રોગ અટકાયતી પગલાં બાબતે વિશેષ કાળજી રાખવા તેમજ જન સમુદાયમાં જાગૃતિ લાવી પોરા ઉત્પત્તિસ્થાનોના નિકાલ બાબતે તેમજ સ્વબચાવ અંતર્ગત મચ્છરથી બચવાના ઉપાયો વિશે જનસમુદાયની પણ સક્રિય ભાગીદારી થાય તે માટે સમજ આપવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા આ સંદેશ જનસમુદાયમાં ફેલાય તે બાબતે ડેન્ગ્યુ દિવસ ઉજવણી અઠવાડિયાના આપેલ કાર્યક્રમ અનુસાર કામગીરી તથા જનજાગૃતિ ફેલાવવા બાબતે સૂચના આપી.

ગત વર્ષો દરમ્યાન જ્યાં-જ્યાં ડેન્ગ્યુ કેસ મળેલ છે તેવા તથા ચાલુ વર્ષમાં મળેલ મેલેરિયા, ડેન્ગ્યુ કેસના વધારાવાળા વિસ્તારોને સેન્સેટાઈઝ કરી સઘન પોરાનાશક કામગીરી કરવાની તથા ડેન્ગ્યુ રોગ અટકાયતી પગલાંઓના સઘન અમલીકરણ બાબતે સૂચના આપી વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

# આકર્ષણ ગુમાવતા શહેરના સર્કલોને નવા થીમ પર વિકસાવવા માટે માંગ

## દોઢ દાયકા પુર્વે નવા નામાભિધાનના અંતે વિવિધ થીમ પર સર્કલોને ડેવલપ કરાયા હતા : જો કે સમય જતા જાળવણીના અભાવે સર્કલોની દરકાર લેવામાં પણ નિરસતા દાખવવામાં આવી રહી હોવાનો રોષ



ગાંધીનગર તા ૯

ગાંધીનગરના ખુલ્લા અને પહોળા માર્ગો વચાળે સ્થિત સર્કલો નગરની આગવી ઓળખ માનવામાં આવે છે દોઢ દાયકા પુર્વે સર્કલોને નવા નામ આપવામાં આવ્યા હતા જયારે સર્કલોને પણ વિવિધ થીમ પર વિકસવાની યોજના હાથ ધરવામાં આવી હતી જયારે સર્કલોના વિકાસ અને નિભાવણીની જવાબદારી સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવી છે. સામાન્ય રીતે વાઈબ્રન્ટ સમિટ ટાંણે સર્કલોની સુંદરતા નિખરે છે પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલોની જાળવણી મુદ્દે નિરસતા દાખવામાં આવી રહી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં સર્કલોની જાળવણી સાથે નગરમાં આકર્ષણ ગુમાવતા સર્કલોને નવા થીમ પર વિકસાવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના સર્કલો છેલ્લા ઘણાં સમયથી આકર્ષણ વિહોણા બન્યા છે. એક જમાનામાં મુલાકાતીઓ માટે આગવા આકર્ષણનુ કેન્દ્ર બનેલા સર્કલોને નિભાવણી માટે જવાબદાર સંસ્થાઓ પણ નિરસતા દાખવી રહી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને દોઢ દાયકાથી વધુ સમય પહેલા નવા નામાભિધાનના અંતે વિવિધ સર્કલોને નવા થીમ મુજબ વિકસાવામાં આવ્યા હતા. નગરના ઉભા અને આડા માર્ગોને અનુલક્ષી છેલ્લા એક દાયકામાં નવા સર્કલો પણ અસ્તિત્વમાં આવ્યા છે. જો કે આ તમામ સર્કલોને નવા નામથી ઓળખવામાં આવે છે. માર્ગોને પણ નવા નામો મુજબ બોર્ડસ લગાવાયા છે. તે મુજબ સર્કલોની પણ નવી ઓળખ આપવા પ્રયાસો કરાયો છે જો કે એ વાત ઔર છે કે માર્ગો તેમજ સર્કલોના નવા નામ હજુ આમ નાગરિકોની જીભે ચઢયા નથી ત્યારે સર્કલોને વિકસવાની યોજના બાદ તેની જાળવણી પણ સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવી હતી. હાલ પણ આ જવાબદારી

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના નવા વિસ્તારોમાં પંચાયતોની મિલ્કતો અને ભાડા અંગે યોગ્ય વિચારણા અંગે નિતિ ઘડાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મનપા દ્વારા હવે તેની હદ વધતાં તેની મિલ્કતોના ભાડાના દર અંગે નીતિ તૈયાર કરવામાં આવશે.

મનપાની હદના કરાયેલા વધારા પછી ૧૮ ગામ અને એક નગરપાલિકા વિસ્તારને ભેળવવામાં આવેલ છે. આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા તેની મિલ્કતો ભાડે આપવામાં આવી છે. આ મિલ્કતોની યાદી તૈયાર કરવા તેમજ ભાડા અંગેની નીતિ તૈયાર કરવા સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે કમિશનરને પત્ર પાઠવ્યો છે.

કમિશનરને પાઠવેલા પત્રમાં તેમણે સુઘડ, ભાટ, ઝુંડાલની સ્થળ મુલાકાતનો ઉલ્લેખ કરી જણાવ્યુ છે કે ભાટ અને સુઘડ ગામે પોસ્ટ ઓફિસ તેમજ એક બેંકને નજીવા ભાડે મિલ્કતો આપી છે. ઝુંડાલમાં પણ પંચાયતે જે તે વખતે બેંકને નજીવા દરે ભાડે મિલ્કત આપી છે.

ચેરમેને તેમના આ પત્રમાં ભાડુઆતો પાસેથી નવો ભાડા કરાર કરવામાં આવે તેમજ ભાડાના નવા દર માટે એક અલાયદી નીતિ તૈયાર કરવામાં આવે તે જરૂરી હોવાનું જણાવ્યુ છે. મનપાને ભાડાની આવક નહિવત્ થઈ રહી છે ત્યારે ભાડાની આવક વધે તે જરૂરી હોવાનું જણાયુ છે. ચેરમેન દ્વારા કમિશનરને પોલીસી તૈયાર કરવા માટે પહેલીવાર પત્ર લખી રજુઆત કર છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com